ગાંધીનગર સમાચાર

# શહેરમાં આસોમાં વૈશાખી ગરમી

## મહત્તમ તાપમાન ૩૯ ડિ.સે. પહોંચ્યું : આકરો તડકો ભારે ગરમીને નોતરી રહ્યો છે

ગાંધીનગર, તા. ૧૭

છેલ્લા કેટલાક દિવસોથી ગરમી ઘટવાને બદલે જાણે વધી રહી છે. આજે તો એટલો બધો આકરો તડકો પડ્યો હતો કે જાણે ઋતુચક્ર ફરી રહ્યો હોય તેમ ઉનાળાની આકરી ગરમીનો અહેસાસ થતો હતો. ઉનાળાની ઋતુમાં હોય તેટલુ તાપમાન ૩૯.૦ ડિ.સે. આજે અનુભવાયુ હતુ.

ચોમાસુ પુર્ણ થાય તે પછી ધીમે ધીમે વાતાવરણમાં ઠંડક પ્રસરવા માંડે છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાન ઓછુ થવા લાગે છે. તડકાનો મીજાજ મોળો પડવા માંડે છે. જેના કારણે ગરમી ઓછી થવા માંડે છે. આસો મહિનામાં તો રાત્રે બહાર નીકળો તો વાતાવરણમાં ઠંડક લાગવા માંડે છે. જોકે છેલ્લા કેટલાક વર્ષોથી ઋતુચક્રમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. દરેક ઋતુમાં જાણે પીછેહઠ થઈ રહી છે. શિયાળો અને ઉનાળો લંબાય છે. આ વર્ષે તો ઋતુઓનું સમયચક્ર ખુબ જ અસ્તવ્યસ્ત જોવા મળી રહ્યું છે. ચોમાસુ પુર્ણ થયા બાદ વાતાવરણમાં જે ઠંડક અનુભવાય છે તે હજુ સુધી અનુભવાઈ નથી. તેનાથી વિરૂદ્ધ ગરમી વધી રહી છે. મહત્તમ તાપમાન છેલ્લા કેટલાય દિવસોથી ૩૬-૩૭ ડિ.સે. જેટલું રહ્યું છે. આજે તો ગરમીએ જાણે બધી જ હદ વટાવી દીધી હોય તેમ મહત્તમ તાપમાન ૩૯.૦ ડિ.સે. સુધી પહોંચી ગયું હતું. આખો દિવસ ખુબ આકરો તડકો પડ્યો હતો. બપોરે બહાર નીકળો તો ચામડી દાઝી જાય તેવો આકરો તડકો લાગતો હતો. લુ વાતી હોય તેવું લાગતુ હતુ. પંખા વિના તો થોડીકવાર પણ રહી શકાતુ ન હતુ. ભારે ગરમી અને અસહ્ય ઉકળાટના કારણે વસાહતીઓ ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. લઘુત્તમ તાપમાન ૨૨.૩ ડિ.સે. નોંધાતા રાત્રે પણ ખુબ બફારો અનુભવાયો હતો. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૬૭ ટકા અને સાંજે ૫૦ ટકા નોંધાયું હતું.

### કલ્ચરલ ફોરમની નવલી નવરાત્રિના વિજેતા

#### ત્રીજું નોરતુ

| કેટેગરી | બોય | ગર્લ |
|---|---|---|
| બેસ્ટ ચાઈલ્ડ વિનર | સૌમ્ય પટેલ | હેનવા ત્રિવેદી |
| (૭ વર્ષ સુધીના) રનર્સઅપ | હર્ષ રાઠોડ | હીરવા ત્રિવેદી |
| બેસ્ટકીડ - વિનર | અભિષેક સોની | મૌરવી વોરા |
| (૭ થી ૧૨ વર્ષ) રનર્સ અપ | આર્યન સાગર | ધારવી પટેલ |
| બેસ્ટ ટીનેજર-વિનર | મહર્ષિ રાવલ | વૃતા પરમાર |
| (૧૩ થી ૧૭ વર્ષ) રનર્સ અપ | જય ગાંધર્વ | રાજસી શાહ |
| બેસ્ટ ડ્રેસ - વિનર | મિલન પટેલ | માર્ગી એન્જિનીયર |
| રનર્સ અપ | વિપુલ પટેલ | ચિનાર વંકાણી |
| બેસ્ટ કિંગ/ક્વીન-વિનર | મેહુલ છત્રીવાલા | અલ્પા પટેલ |
| (૪૦ વર્ષથી ઉપરના) રનર્સ અપ | ભાવેશ વાયડા | હીના કણસરીયા |
| બેસ્ટ પેર - વિનર | અમરદીપસિંહ હાડા | જીનલ દળણી |
| રનર્સ અપ | અક્ષ રાઠોડ | ક્રિષ્ના રજની |
| બેસ્ટ પરફોર્મન્સ-વિનર | ઈલેશ સમા | નિપા પટેલ |
| (પ્રિન્સ/પ્રિન્સેસ) રનર્સ અપ | હિતેન્દ્ર ઠાકુર | હિરલ બિહોલા |



વાવોલની ગ્રીન સીટી સોસાયટીના ભૂલકાંઓએ નવરાત્રીની ઉજવણી નિમિત્તે સુંદર ગબ્બર તૈયાર કર્યા છે. નવરાત્રીમાં મોટેરાઓ સાથે બાળકોનો પણ અદમ્ય ઉત્સાહ જોઈ સૌ કોઈ ઉત્સાહિત થઈ ગયા હતા. આ ગબ્બર થકી બાળકોએ તેમની સર્જનશીલતાનો પણ પરિચય કરાવ્યો છે.

## ગાંધીનગરમાં ફિક્સ-પેના વિરોધમાં ૧૬ કર્મચારીઓની અટકાયત

### ના છૂટકે સરકાર સામે બાંયો ચઢાવનાર શાંત અને મૌન વિરોધ કરનાર કર્મચારીઓ પર પોલીસનો અત્યાચાર

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત જન અધિકાર સંગઠન અને ફિક્સ પે સંઘર્ષ સમિતિ દ્વારા ફિક્સ-પે અને કોન્ટ્રાક્ટ પ્રથાના વિરોધમાં ફિક્સ પે કર્મચારીઓએ કાળી પટ્ટી બાંધી બ્લેક સેટરડે પાળી ગાંધીનગરમાં વિધાનસભા સામે આંબેડકરની પ્રતિમા સામે વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ કર્યો હતો. પરંતુ કાર્યક્રમ શરૂ થાય અને કર્મચારીઓ ભેગા થાય તે પહેલા જ પોલીસે તમામ ૧૬ પ્રદર્શન કારીઓની અટકાયત કરી લીધી હતી. ગુજરાત રાજ્યમાં યુવાનોનું ખુલ્લેઆમ ફિક્સ વેતન, કોન્ટ્રાક્ટ તેમજ શિક્ષિત બેરોજગારી જેવા અનેક મુદ્દાઓને કારણે શોષણ થઈ રહ્યું છે.

ગુજરાતમાં આશરે ૫ લાખ ફિક્સ વેતનના કર્મચારીઓ તેમજ ૨૫ લાખ જેટલા શિક્ષિત બેરોજગારો છે. ત્યારે નિંદનીય બાબત તો એ છે કે આશરે ૫૦ ટકા સરકાર કોન્ટ્રાક્ટ પ્રથાથી ચાલે બીજી તરફ બંધારણમાં દર્શાવેલ સમાન કામ, સમાન વેતનનો પણ સરકાર સતત ભંગ કરી રહી છે. જેના વિરોધમાં આજે તમામ ફિક્સ-પે કર્મચારીએ નોકરી દરમ્યાન કાળી પટ્ટી બાંધી સરકારની આ નીતિનો ખુલ્લેઆમ વિરોધ કર્યો હતો અને ગાંધીનગરમાં વિધાનસભા સામેના આંબેડકરની પ્રતિમા પાસે વિરોધ પ્રદર્શનનો યોજવાનો કાર્યક્રમ કર્યો હતો અને કેટલાક કર્મચારીઓએ કાળી પટ્ટી બાંધી વિરોધ પ્રદર્શન કરવા આવ્યા હતા. પરંતુ વિરોધ કરે તે પહેલા જ પોલીસે તમામ ૧૬ જેટલા પ્રદર્શનકારીઓની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.



ફિક્સ પે સંઘર્ષ સમિતિ દ્વારા આગામી ૩૧મી ઓક્ટોબર ૨૦૧૫ના રોજ 'રન ફોરક ફુલ-પે કોન્ટ્રાક્ટ રીમુવલ એન્ડ રીક્રુટમેન્ટનો કાર્યક્રમ તેમજ ૨૯ ઓક્ટોબરથી ૧ નવેમ્બર સુધી અમદાવાદ જીએમડીસી ગ્રાઉન્ડ પર ધરણા તેમજ ઉપવાસનો કાર્યક્રમ યથાવત રહેશે તેવી જાહેરાત પણ કરવામાં આવી હતી.

## અંબાપુર ગામની પરિણીતાનો દવા ગટગટાવી આપઘાત

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નજીક અકસ્માત મોતના બે વિવિધ કિસ્સાઓ ચોવીસ કલાકમાં બનવા પામ્યા હતા. ગઈકાલે અંબાપુર ગામમાં રહેતી પરિણીતા કે જેણે બે દિવસ પહેલા ઝેરી દવા ગટગટાવીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું છે. તો બીજી તરફ અદાણી શાંતિગ્રામની બાંધકામ સાઈટ પર ત્રીજે માળેથી નીચે પટકાતા એક શ્રમિકનું મૃત્યુ થયું હતું. અડાલજ પોલીસે બંને અકસ્માત મોત અંગે ગુના દાખલ કરી તપાસ શરૂ કરી છે.

અંબાપુર ગામમાં રહેતી ૩૦ વર્ષીય પરિણીતા પીન્કી પ્રતાપજી ઠાકોર ઘણા સમયથી બિમારીથી પિડાતી હતી. કંટાળીને તેણીએ ૧૫ ઓક્ટોબરની સાંજે ઝેરી દવા ગટગટાવી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તાત્કાલીક તેણીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી. જો કે ગઈરાત્રે તેણીનું સારવાર દરમ્યાન કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. પીએસઆઈ મારવાડાએ અકસ્માત મોતનો ગુનો નોંધી ગુનાની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.



## ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રાઉન્ડમાં યોવન હિલોળે ચઢ્યું

















(તસવીર : દિપક જાની)